ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૩૩૨ તા.૨૪.૦૨.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૯/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી જેઆરડિ પીવીસી પાઈપ C/O. વિપુલ પટેલ ગામ – હરીપર (ખંડેરા)

સબડીવીઝન: કાલાવડ ઈસ્ટ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર રૂરલ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી જે.જે.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર

તારીખ: બુધવાર (૧૯.૦૧.૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૧.૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, કાલાવડ સબ-ડીવીઝન હેઠળ રણુજા રોડ પર બિનખેતી જમીન ઉપર જે.આર.ડી. પાઇપ નામનું 100 kw નું 3 Phase ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન લીધેલ છે. જે કનેક્શનના ગ્રાહક નં. 32629/01705/2 છે જે કનેક્શનના ક્વોટેશનમાં અમોને જે કઈ લાઇન ખર્ચ

થાય તે પ્રમાણેનું ક્વોટેશન આપવામાં આવેલું હતું જે ક્વોટેશનની રકમ877926=00 રૂપિયા ભરપાઈ કરેલ હતા પરંતુ હાલમાં જાણવા મળેલ છે કે જો ગામતળ બહાર બિનખેતી જગ્યા પર ૩ Phase ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન લેવામાં આવે તો તેમાં ફક્ત ફિક્સ ચાર્જડિપોઝીટ તેમજ એગ્રીમેંટ ચાર્જ લેવાનો થતો હોય છે આમ આ કનેક્શન લેવા માટે અમોએ લાઇન ચાર્જની પુરેપુરી રકમ ભરેલ હોય આપ સાહેબને નમ્ર વિનંતી છે કે અમારા કનેક્શનમાં જે કોઈ વધારાનો ચાર્જ ભરપાઈ કરેલ છે તે પરત આપવા વિનંતી છે.ઉપરોક્ત બાબતે યોગ્ય નિર્ણય કરી અમારી વધારાની લેવાની થતી રકમ વહેલાસર મળી શકે એવી આશા સાથે આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ફરીયાદી શ્રી જેઆરડી પીવીસી પાઇપ ગામઃ હરીપર, તા. કાલાવડ, જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧) | ગ્રાહકનુ નામ , સરનામુ | જેઆરડી પીવીસી પાઇપ, ગામ : હરીપર, તા. કાલાવડ, જીઃ જામનગર |
| ૨) | ફરીયાદીનુ નામ | જેઆરડી પીવીસી પાઇપ, ગામ : હરીપર, તા. કાલાવડ, જીઃ જામનગર |
| ૩) | અરજી તારીખ | તા.૦૯.૧૦.૨૦૧૯ નાં રોજ પહોચનંબર 340278-79-80 થી રૂા.૪૭૨/- ભરેલ. |
| ૪) | નિયત ભાવ પત્રક આપેલ | તા. ૧૭.૧૦.૨૦૧૯ રૂા. ૮,૭૭,૯૨૬.૦૦ નુ ઇસ્યુ કરેલ. |
| ૫) | અંદાજપત્ર ભર્યા તારીખ | તા. ૧૮.૧૦.૨૦૧૯ રૂા.પહેંચનંબર 341270-71-72 રૂા. ૮,૭૭,૯૨૬ |
| ૬) | વિજભાર માંગણી | ૧૦૦ કિ.વો. |
| ૭) | ગ્રાહક નંબર | ૩૨૬૧૯-૦૧૭૦૫-૨ (LTMD) |

3.૧ અત્રેની ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર હેઠળ આવતા કાલાવડ ઇસ્ટ પેટા વિભાગના કાર્યક્ષેત્રનુ ગામ હરીપર (ખંઢેરા) આવેલ જેઆરડી પીવીસી પાઇપ દ્રારા તા. ૦૯.૧૦.૨૦૧૯ નાં રોજ ૧૦૦ કિ.વો. માટે નવા ઔધ્યોગીક હેતુ માટેના વિજ કનેકશન માટે અરજી કરેલ હતી. જે અન્વયે કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ દ્રારા સર્વે કરતા સદર જગ્યા ગામતળ બહાર હોવાનુ માલુમ પડેલ માટે તે વખત ના પરીપત્ર નં. જીયુવીએનએલ-ટેક-૨-આરએનઆર-૨૭૧૯ તા. ૩૦.૦૧.૨૦૧૭ તથા પીજીવીસીએલ/ટેક-૧/૧૧૯૬ તા. ૦૩.૦૨.૨૦૧૭ મુજબ સર્વે કરી દરખાસ્ત કાલાવડ ઇસ્ટ પેટા વિભાગ દ્રારા અત્રેની કચેરીએ મંજુરી અથે મોકલેલ હતી. સદર દરખાસ્ત ગામતળ બહાર હોય માટે વિભાગીય કચેરી દ્રારા વર્તુળ કચેરીએ મંજુરી માટે મોકલેલ હતી. આમ દરખાસ્ત મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવા ચેક કરીને વર્તુળ કચેરી દ્રારા નં. જેસીઓ/ ટેક-૨/એનડી/૧૯-૨૦/ ૯૩૪૬ તા. ૦૭.૧૦.૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ હતી. તેમજ પ્રવર્તમાન નિયમ મુજબ ગામતળ બહાર ના કોઇપણ હેતુ માટે ની જમીન માં ઓધોગીક નવા વિજ જોડાણ લેવા માટે ઉપર દર્શાવેલ પરીપત્રના પેરા નં ૪ મુજબ દરખાસ્ત બનાવવામાં આવેલ હતી. અને તે મુજબ ગ્રાહકને અંદાજપત્ર આપવામાં આવેલ જે અંદાજપત્ર ગ્રાહકે તા. ૧૮.૧૦.૨૦૧૯ થી ભરપાઇ કરી આપેલ છે. આમ જે તે વખતના પ્રવર્તમાન નિયમ મુજબ અંદાજપત્ર આપી અને સદર નવુ વિજ જોડાણ આપેલ હતુ.

3.૨ વધુમાં ગ્રાહકની હાલની રજુઆત અન્વયે જણાવવાનુ કે ગામતળ બહાર બિનખેતી થયેલ જમીનમાં વીજ જોડાણ ફિક્સ ચાર્જ મુજબ આપવા માટે પરીપત્ર નંબર GUVNL/TECH-2/DE-2/24/COMP/2053 DT. 05.11.2019 થી થયેલ છે. આમ સદર અરજદારને અંદાજપત્ર સદર પરીપત્ર પહેલા આપવામાં આવેલ હતુ. માટે ગ્રાહકની અરજી માન્ય રાખી શકાય નહી તેમજ સદર કેઇમાં પીજવીસીએલ તરફથી કોઇપણ પ્રકારનુ વળતર ચુકવવા પાત્ર થતુ નથી. ત્યાર બાદ તાજેતરમાં GUVNL ઓફીસ દ્વારા પત્ર નંબર GUVNL/TECH-2/DE-2/24/COMP/2053 DT. 05.11.2019 થી આપવામાં આવેલ નિર્દેશ મુજબ ગામતળ બહારનાં બીન ખેતી થયેલ જમીન વાળા કેઇસોમાં લાઇન ચાર્જની રકમ લેવાનુ બંધ કરેલ છે, અને પરીપત્ર મુજબ ફિક્સ ચાર્જની રકમ અંદાજપત્રમાં લેવાનુ ચાલુ કરેલ છે.

**:: હુકમ ::**

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કનેક્શન 30.૧૨.૧૯ ના રોજ આપવામાં આવેલ હોય પીજીવીસીએલ કંપની ના પરીપત્ર નં. GUVNL/TECH-2/DE-2/24/COMP/2053 DT. 05.11.2019 જે કનેક્શન રીલીઝ કર્યા બાદ નો હોય જેથી આ પરીપત્ર અરજદાર શ્રી ને લાગુ પડતો નથી.

૪.૨ સદર બાબતે અરજદાર શ્રી પાસે થી જે ફિક્સ ચાર્જ ની રકમ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વસુલવામાં આવેલ છે જે કંપની ના નિયમાધીન છે. જે અરજદારશ્રી ને તે રકમ પરત મળવા પાત્ર ન હોય, તો તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ આપવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી જે.જે.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯